|| સનાતન પરમો ધર્મ ||

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

કાર્યાલય: ૫૦૧ - ૫૦૪, પાંચમો માળ, નરોડા બિઝનેસ હબ કોમ્પલેક્ષ, નરોડા દેહગામ રોડ, એસપી રિંગરોડ પાસે, નરોડા - અમદાવાદ ૩૮૨ ૩૩૦.

● સં. ૨૦૭૬ ● શ્રાવણ વદ - ૧૦ ● તા. ૧૪-૦૮-૨૦૨૦ ● શુક્રવાર SDP NO: 118 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

ઈકમટેક્સ પેયર માટે પીએમ મોદી લાવ્યા ટેક્સ પેયર ચાર્ટર ... ટૂંકમાં જાણો શું છે આ ગિફ્ટ હેમ્પરમાં.

સંયોજક : CA પંકજભાઈ પારસીયા, અમદાવાદ

ટેક્સ પેયર ચાર્ટર શું છે?

ચાર્ટર્ડ એકાઉન્ટ કીર્તિ જોશી ના જણાવ્યા પ્રમાણે, ટેક્સપેયર્સ ચાર્ટર નો હેતુ કરદાતાઓ અને ઈકમટેક્સ વિભાગ વચ્ચે વિશ્વાસ વધારવા, ટેક્સ પેયર્સની મુશ્કેલી ઘટાડવા અને અધિકારીઓની જવાબદારી નક્કી કરવાનો છે. હાલ દુનિયાના માત્ર ત્રણ દેશ- અમેરિકા, કેનેડા અને ઓસ્ટ્રેલિયામાં જ આ લાગુ છે. આ ત્રણ દેશના ટેક્સ પેયર્સ ચાર્ટમાં ૩ મુખ્ય વાતો સામેલ છે.

૧. કરદાતાને ઈમાનદાર ગણવા.

૨. સમય પર સેવા આપવી.

૩. આદેશ પહેલા ચકાસણી કરવાની તક આપવી.

આ સાથે શ્રી મોદીએ દેશભરમાં ફેસલેસ એસેસમેન્ટ લાગૂ કરવાની જાહેરાત કરી હતી. શ્રીમોદીએ જણાવ્યું કે, બદલાવ કેમ થઈ રહ્યો છે તેને ટૂંકમાં કહું તો તેના ચાર કારણો છે.

પહેલું- પોલિસી ડ્રીવન ગવર્નન્સ, આમ કરવાથી ગ્રે એરિયા એટલે કે ખોટું થવાની સંભાવના ઓછી થઈ જાય છે.

બીજું- સામાન્ય લોકોની ઈમાનદારી પર વિશ્વાસ કરવો,

ત્રીજું- સરકારી સિસ્ટમના માણસોની દખલગીરી ઘટાડી અને ટેકનોલોજી આધારિત બનાવવી.

ચોથું- સરકારી મશીનરીમાં એફીસીયન્સી, ઈન્ટીગ્રીટી, સેન્સિટિવિટી ના ગુણોને રિવોર્ડ કરવામાં આવી રહ્યા છે.

ઈમાનદાર ટેક્સપેયરની રાષ્ટ્ર નિર્માણમાં મહત્વની ભૂમિકા છે એવું શ્રીમોદીએ જણાવ્યું હતું અને અત્યારે ચાલી રહેલ ૧૫૦૦ થી વધુ કાયદા ખતમ કરવા અંગે જણાવ્યું હતું.

જ્ઞાતિજનોએ ઉજવ્યો કૃષ્ણ જન્મોત્સવ...

ગોવા

અત્રે જન્માષ્ટમી નિમિતે કૃષ્ણ જન્મની ઉજવણી પુરુષોત્તમભાઈ માકાણી ના ઘરે રાખેલ હતી...કાનજી મહારાજ ઘરે જ હોવાથી સમાજ વતી માકાણી પરિવાર અને આજુ બાજુના બે ત્રણ પરિવાર ના સિમિત ભક્તો સાથે ખૂબ જ આનંદ, ઉલ્લાસ અને ભક્તિભાવ પૂર્વક કૃષ્ણ જન્મની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે માપૂસા સમાજ ના પ્રમુખ શ્રી શાંતિભાઈ અને સાથે અ.ભા.ક. ક.પા.મહિલાસંઘ ના પ્રમુખ શ્રીમતી જશોદાબેન પણ દર્શનાર્થે પધાર્યા હતા.

- પુરુષોત્તમ માકાણી

સ્ટીલ સીટી વિસાખાપટ્ટનમ

અહીં આપણી જ્ઞાતિના પાટીદાર ભાઈબહેનોએ પોતપોતાના ઘેર શ્રી કૃષ્ણ ભગવાનના જન્મોત્સવ હર્ષ અને ઉમંગ થી ઉજવેલ હતો.

- જવેરીલાલ ભગત

નાગપુર લક્કડગંજ

પ્રતિવર્ષાનુશાર આ વર્ષે પણ પાટીદાર સમાજ - લક્કડગંજ, નાગપુર ના સાનિધ્યમાં પાટીદાર મહિલા મંડળ તેમજ યુવક મંડળ દ્વારા કૃષ્ણ જન્માષ્ટમી નું સુંદર આયોજન કરવામાં આવેલ. કોરોના મહામારી ના લીધે ફક્ત સમાજ તેમજ તેની બન્ને પાંખોના કારોબારી સભ્યો ની હાજરી રહેલ. સમાજજનો ની ગેરહાજરી હોવા છતાં પણ ઉત્સવને રાબેતા મુજબ પુરા હર્ષ ઉલ્લાસથી શ્રી કૃષ્ણ જન્મોઉત્સવ ઉજવેલ.

કચ્છ - કોટડા

અહીં શ્રી લક્ષ્મીનારાયણ મંદિરમાં સરકારી નિયમ મુજબ સંખ્યાની મર્યાદા હોવાથી ગામના મોટા ફળીયા રહેતા લોકોએ અનુકૂળ જગ્યાએ પોતપોતાના ફળીયામાં કૃષ્ણ જન્મ ના કાર્યક્રમનાં આયોજનો કર્યા. આમાં નુ એક અમારા ફળિયામાં અનિલકુમાર હિંમતલાલ ભગતે કોરોનાના ભય વચ્ચે પણ આપણા પરંપરાગત ઉત્સવ, કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી પરંપરા ને જાળવી રાખવા, પોતાના ઘરના આંગણામાં સરકારી નિર્દેશ અનુસાર કરવાનું આયોજન કરી ફળીયાવાળા દરેક પરિવારને ભાવ સભર આમંત્રણ આપ્યું. નાનકડું એવું કૃષ્ણ કનૈયા ના પારણા નું સોના રૂપા ના રંગની ઝરીથી સરસ સજાવટ થી અનેરું આકર્ષણ ઉભું થયું

રાત્રે ૯ થી ૧૨ વાગ્યા સુધી ભાઈ-બહેનોએ કાનુડાના રાસ, લોકગીતો તથા ભજનો ની મોજ માણી ત્યારે નાના ભૂલકાઓએ ઓસરીમાં મોબાઈલના સંગીતના સથવારે રાસરમી ને મોજ માણી.

૧૨ના ટકોરે "નંદ ઘેર આનંદ ભયો"'ના ગુંજન સાથે આયોજક યજમાન પરિવારના માયાબેન અનિલ કુમાર ભગત વતી બાલ કૃષ્ણ ની આરતી કરવામાં આવી તથા પંજરીનો પ્રસાદ વિતરણ કરવામાં આવ્યો. સાથે-સાથે બાળકોને પ્રિય ચોકલેટ તો ખરીજ.

આરતી પ્રસાદ ના વિતરણ બાદ સૌએ કચ્છી નાસ્તાની ભરપેટ મોજ માણી બે વાગ્યા સુધી સૌ અલક-મલકની રયાણ કરી કાર્યક્રમને સંપન્ન કર્યો ત્યારે યજમાનને સહયોગી ભાઈબહેનો તથા ભાગ લેનારા સૌનો આભાર માન્યો.

- કાંતિલાલ વાલજી રામાણી

આજની ચિંતન કણિકા

સદીઓથી...યુગોથી મનુષ્ય પોતાને ઓળખવાનો પ્રયત્ન કરી રહ્યો છે. આત્મજ્ઞાન, આત્મદર્શન અને આત્મસાક્ષાત્કારના કપરા માર્ગ પર ઘણા ચાલતા આવ્યા છે, પણ બહુ થોડા અંતિમ લક્ષ્ય સુધી પહોંચી શક્યા છે.

જ્ઞાનના માર્ગનો પ્રથમ પડાવ છે - શિક્ષણ. શિક્ષણની સાધના જ સાધ્ય સુધી પહોંચવામાં મદદરૂપ બને છે.

શિક્ષણ શબ્દ પોતાનામાં અનેક અર્થો અને ઉદ્દેશો સમાવીને બેઠો છે. એના અર્થો અને ઉદ્દેશો સમજવાથી પોતાને સમજી શકાય છે, જગતને સમજી શકાય છે, શ્રેય અને પ્રેયનો ભેદ સમજી શકાય છે, સત અને અસત વચ્ચેના અંતરને ઓળખી શકાય છે.

શિક્ષણ એટલે કેવળ પાઠ્યપુસ્તક, પિરિયડ અને પરીક્ષા નહીં, બીજું ઘણુંબધું છે. આ જગત આખું એક ઓપન યુનિવર્સિટી છે. પાઠ્યપુસ્તકનાં બે પૂંઠા વચ્ચે જે શિક્ષણ છે તેના કરતાં અનેકગણું શિક્ષણ તેની બહાર છે. જીવનના ડગલે ને પગલે શીખવાનું છે. સૃષ્ટિના પ્રત્યેક જીવના વ્યવહારમાંથી કંઈક ને કંઈક શીખી શકાય છે. જરૂર છે કેવળ મન, મગજ અને બધી ઇન્દ્રિયોને સતર્ક રાખવાની.

હવે પછીની ચિંતનકણિકામાં આપણે શિક્ષણના અર્થ અને ઉદ્દેશોને વ્યાપક રીતે સમજીશું.

મિશન અભિમન્યુ

SUV International School.

શ્રી ઉમા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ.

ભુજ નુ ઐતિહાસિક દેશલસર તળાવ ઓગન્યુ.

મંગળવારે થયેલ સાડા ત્રણથી ચાર ઇંચ વરસાદને કારણે ભુજના મુખ્ય ઐતિહાસિક બે તળાવો, હમીરસર તથા દેશલસર તળાવો માં નવા નીર આવતા દેશલસર તળાવ ઓગની ગયું છે.

કચ્છ માં તળાવો છલકાય તો આનંદ અનેરો હોય છે તથા શાસ્ત્રોક્ત વિધિથી તેને વધાવવાની પરંપરા રહી છે, પરંતુ રાજાશાહી ના વખત થી ભુજનું ઉપેક્ષિત દેશલસર તળાવ તેની પરંપરા પ્રમાણે સૌપ્રથમ નગરપતિ વાજતે ગાજતે હમીરસર તળાવને વધાવે એ પછી જ દેશલસર તળાવને ઉપ-નગરપતિ વધાવે, આવી પરંપરા રહીછે.

આ વખતે હમીરસર ભલે પહેલાં ઓગન્યુ છતાં પરંપરા મુજબ તેને વધાવવામાં આવ્યું નથી. હમીરસર ના ઓગનવાની રાહ જોવાય છે જે ઓગન્યા બાદ પ્રથમ તેને વધાવવામાં આવશે ત્યાર બાદ દેસલસર તળાવને પણ વધાવવામાં આવશે.

નંદ ઘેર આનંદ ભયો...

દરેક ઘર માં કાનુડો હોય જ છે .. બાળક માં બાળ સ્વરૂપ પ્રભુ નો અહેસાસ હોય છે.

આવું જયપુર શહેર ના કકપા સમાજ પરિવાર પરબત કાનજી જેઠા રવાણી ના આગણે માતા જશોદા (ભક્તિ દિપક રવાણી) નો કાનુડો પહેલ અને માતા જશોદા (દિશા હરેશ રવાણી) નો કાનુડો ધ્યાની ઝાપાવાળા પરિવાર ના દાદા દાદી શંકરભાઈ અને નર્મદાબેન તેમજ દેવશીભાઈ અને કેસરબેન ની ખુશીઓ ની કૃષ્ણ જન્મોત્સવ નિમિતે સનાતન ધર્મ પત્રિકા માં પણ ઉત્સાહ ની ઝલક આપી સહુ ને શુભેચ્છા વ્યકત કરે છે...

કેનેડા જેવા દેશ માં ક.ક.પા. ના યુવા સાહસિક નું સંસ્કૃતિ જતન.

ક.ક.પા. સમાજ ની સંસ્કૃતિ નું ઊત્તમ જતન સાથે SUV સ્કૂલ ના હોનહાર વિદ્યાર્થી ૧૨માં ધોરણ નો અભ્યાસ પૂર્ણ કરી, વધુ અભ્યાસે કેનેડા રાષ્ટ્ર માં હાલ રહે છે. જે સ્પોર્ટ્સ માં પણ પોતાની ઝલક બતાવી તેની ત્યાંના મીડિયાએ નોંધ લીધી હતી. આ જયમીન અને એના મિત્ર સડબરી સિટી જે ઑન્ટેરિઓ સ્ટેટ માં કેનેડા માં છે, ત્યાંના ઈસ્કોન મંદિર માં કૃષ્ણ જન્મોત્સવ માનવવા અને વ્યવસ્થા માં સહયોગ આપવા હમેશા ઉત્સુક હોય છે. જેની પ્રતીતિ તસ્વીર પણ કરે છે.. જયમીન સુરત માં ભેસ્તાન વિસ્તાર ના કાંતિભાઈ રૂડાંણી નો પુત્ર છે.. સમગ્ર SUV સંકુલ નું તે ગૌરવ રહ્યો છે..

કોરોના માં હકારાત્મક અભિગમ

જય લક્ષ્મીનારાયણ,

કચ્છ માં ગઈ કાલે જન્માષ્ટમી ના ગોકળિયા લગ્નો હતા, જેમાં સરકાર શ્રી ની ગાઈડલાઈન મુજબ બને પક્ષ ના ૨૫ અને ૨૫ એટલે કે એક લગ્ન માં ૫૦ લોકોની હાજરી હતી, તે પણ સાદાઈ થી થયાં અને આપણી લગ્ન ની વિધિ પુરેપુરી કરવામાં આવી, જે લગ્ન પ્રસંગે મારી પણ હાજરી હતી. આવા લગ્ન માં ખુબજ આનંદ આવ્યો, એટલા શાંતિ થી લગ્ન ઉજવાયા કે સાચેજ આનંદ નો પાર નહોતો, મેં તો કોરોના ના ભરપેટ વખાણ કર્યા. કોરોના તો કાળ મુખો છે પણ હકારાત્મક દૃષ્ટિકોણથી એ આપણા સમાજ ના રીતરિવાજો નો સુધારક વાયરસ છે, એવું મને લાગ્યું. આપણી સમાજે પોજેટિવ પાસું વિચારીને અનુકરણ કરવા જેવું તો ખરૂજ.

આ લગ્ન પ્રસંગમાં અત્યાર ની આપણા સમાજ માં ચાલી રહેલી આધળી દોટ નું અનુકરણ નહિવત જોવા મળ્યું, ક્યારેક ક્યારેક લગ્ન વિધી માં ચાલતા નાટકો માં પણ લેટ ગો કર્યા કે અત્યારે કોરોના કાળ છે. પણ અંદર થી આનંદ હતો, મધ્યમ વર્ગના દિકરી ના બાપને મળ્યો ત્યારે તેમણે મને એવું કહ્યું કે કોરોના મને ફળ્યો, એ એમના અંતર આત્મા ના ઉદગારો મેં સાંભળ્યા ત્યારે મને એવું લાગ્યું કે અત્યાર ના આપણા સમાજ માં દેખાદેખી ના સમયે પાયા ના લોકો ની સાચી શું પરિસ્થિતિ છે તેનો તાગ મેળવવો સમાજ સમાજ માટે અત્યંત જરૂરી છે આતો મારી અંતર આત્મા થી લખ્યું છે બાકી તો જેને જેમ કરવું હોય એમ કરજો અને એ રફતાર ચાલુ જ છે. કડવું પણ સત્ય લખ્યું છે જે મને ગમ્યું છે..

શાંતિલાલ નાયાણી - વિથોણ

કચ્છ રિજીયન યુવાસંઘ ટિમ

મિશન લીડર

શ્રી અ.ભા. ક. ક. પા.સમાજ ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા પ્રસ્તુત "સનાતન ધર્મ પત્રિકા" ૧ મિનિટ ના સમાચાર માં પૂછાતા પ્રશ્ન ના જવાબ અને વિજેતા

તા.૧૨.૦૮.૨૦૨૦ નો પ્રશ્ન નંબર ૭૪:-

ભગવાન શ્રી કૃષ્ણ ના ગુરુ કોણ હતા...? જેઓ એક પરમ શિવ ભક્ત હતા અને જેમનો આશ્રમ ઉજ્જૈનમાં છે.

સાચો જવાબ : સાંદિપની ઋષિ

સાચો જવાબ આપનાર વિજેતા: ચેતન રવજીભાઈ વાગડીયા - પુના. 9175666677

ગઈકાલ તા.૧૩.૦૮.૨૦૨૦ નો પ્રશ્ન નંબર ૭૫:-

ભારતની ગુનાહ સંશોધક એજન્સી "CBI" નું ફૂલ ફોર્મ શું છે...?

આજના પ્રશ્ન નંબર ૭૬ માટે જુઓ આજની સમાચાર વિડિયો ક્લિપ...

આપનો જવાબ આપના નામ અને ગામ સાથે આજ રાત ૧૨ વાગ્યા સુધીમાં વોટ્સેપ દ્વારા 7718977774 પર મોકલો અને જીતો ઈનામ ...

આપણું મુખપત્ર, આપણો સમાજ, ઘર ઘર પહોંચાડીએ આપણો અવાજ..

બાલ સંસ્કાર નું એક અનોખું કાર્ય

મિશન અભિમન્યુ ના અભિગમે છત્રપતિ શિવાજી રિજીયન ના મેન્ટર ટિમ દ્વાર આળાફાંટા ગામ ના યુવા કાર્યકર દ્વારા બાલ કૃષ્ણ ના જન્મોત્સવ ની ઉજવણી બાળકો દ્વારાજ ...

અવસાન સમાચાર

તા. ૧૨. ૦૮. ૨૦૨૦

સ્વ: રાજબેન શીવદાસભાઈ ભગત

ઉમર વર્ષ - ૧૦૦

કચ્છ માં ગામ - કોટડા (જડોદર)

હાલે - બેંગ્લોર

તા. ૧૩. ૦૮. ૨૦૨૦

સ્વ: રાજબાઈ હીરજીભાઈ દિવાણી

ઉમર વર્ષ - ૮૮

ગામ - વિરાણી મોટી